PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૦૩-૦૮-૨૦૨૬ । અંક નં.૩૧ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 03-08-2026 I Isseu No. 31 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## ઝહીરાબાદ ગ્રામ પંચાયતની ગ્રામસભામાં હોબાળો, ગ્રામજનોએ ડીડીઓને કરી રજૂઆત

## તલાટી-સરપંચની કાર્યપદ્ધતિ સામે ગ્રામજનોમાં ભારે રોષ, વિકાસના કામો અને ભ્રષ્ટાચારના મુદ્દે ઉઠ્યા સવાલ



હિંમતનગર તાલુકાના ઝહીરાબાદ ગામે મંગળવારે યોજાયેલી ગ્રામસભા દરમિયાન વિકાસના કામો, પ્રાથમિક સુવિધાઓ અને ભ્રષ્ટાચારના મુદ્દે ભારે હોબાળો સર્જાયો હતો. ગ્રામજનોએ સરપંચ અને તલાટી કમ મંત્રીની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરી ઉગ્ર રજૂઆતો કરતાં બેઠકમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. બાદમાં કેટલાક ગ્રામજનો અને પંચાયતના પદાધિકારીઓએ જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) સમક્ષ લેખિત રજૂઆત કરી યોગ્ય તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મળતી માહિતી મુજબ, તાલુકા કક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રામસભાની શરૂઆત શાંતિપૂર્ણ રીતે થઈ હતી. જોકે વિકાસના કામો અને પંચાયતના વહીવટ અંગે ચર્ચા શરૂ થતાં ગ્રામજનોએ વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ દરમિયાન સરપંચ અને તલાટી સામે ભ્રષ્ટાચાર તેમજ વહીવટી ગેરરીતિના આક્ષેપો થતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

એક સમયે ગ્રામજનો અને પંચાયતના પદાધિકારીઓ વચ્ચે તુ-તુ, મેં-મેં જેવી સ્થિતિ સર્જાતા ગ્રામસભાનો માહોલ ગરમાયો હતો. ગામના યુવાનો અને મહિલાઓએ પણ પીવાના પાણી, રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ સહિતની પ્રાથમિક સુવિધાઓના અભાવ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ગ્રામજનોનું કહેવું હતું કે રજૂઆત છતાં સંતોષકારક જવાબ જવાબ મળ્યો નહોતો.

ગ્રામજનોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તલાટી કમ મંત્રી સરપંચના દબાણ હેઠળ કામ કરી રહ્યા છે, જેના કારણે પંચાયતના વહીવટમાં પારદર્શિતાનો અભાવ જોવા મળે છે. સમગ્ર મામલો તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) અને જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) અને જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળ્યું છે.

હાલ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સંબંધિત અધિકારીઓ દ્વારા રજૂઆતના આધારે તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે •

## પાંચ મહિનાથી નાસતા ફરતા પ્રોહિબિશનના આરોપીને ઇડર પોલીસે ઝડપી પાડ્યો

સાબરકાંઠા જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ સામે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ હેઠળ ઇડર પોલીસને વધુ એક મહત્વની સફળતા મળી છે. આશરે પાંચ મહિનાથી ફરાર પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા આરોપીને સર્વેલન્સ અને બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ગોપાલસિંહ ઉદયસિંહ સિસોદિયા (ઉ.વ. ૪૧), રહે. કપુરાવાટોટા બાડા, તા. જિ. સલુંબર (રાજસ્થાન), તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ હતો. આરોપીને પકડવા માટે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ઇડર પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી હતી તેમજ સ્થાનિક બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.

દરમિયાન ભીલોડા ત્રણ રસ્તા-મોહનપુરા ફાટક નજીક આરોપી હાજર હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી ઘેરાબંધી કરી તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેની ઓળખ અને રેકોર્ડની ચકાસણી કરતા તે તલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં ફરાર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે આરોપીને કાયદેસરની કાર્યવાહી બાદ તલોદ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

આ સમગ્ર સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર આર. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. ડી. એસ. રાવલ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. •

## હિંમતનગર લો કોલેજમાં ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી, વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર ખાતે બુધવાર, તા. ૨૯-૦૭-૨૦૨૬ના રોજ ગુરુ પૂર્ણિમાના પાવન અવસરની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ગુરુવંદના સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી અને પ્રોફેસરશ્રીઓનું સન્માન કરી ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી કોલેજ દ્વારા 'Elocution Compition(વક્તૃત્વ સ્પર્ધા) નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ 'ગુરુનું મહત્વ' અને 'આધુનિક શિક્ષણમાં ગુરુની ભૂમિકા' જેવા વિષયો પર આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ, તૈયારી અને ઉત્સાહ પ્રશંસનીય રહ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પ્રાધ્યાપકોએ ગુરુના માર્ગદર્શનનું વિદ્યાર્થી જીવનમાં રહેલું મહત્વ સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓને જ્ઞાન, સંસ્કાર તથા મૂલ્યોના માર્ગે આગળ વધવા પ્રેરણા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સુચારૂ અને સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## હિંમતનગર બી-ડિવિઝન પોલીસને એમ.ડી. ડ્રગ્સ કેસમાં સફળતા ૪.૮૪ ગ્રામ મેફેડ્રોન સાથે એક આરોપીની ધરપકડ, રૂ. ૧૯,૫૨૦નો મુદ્દામાલ જપ્ત

સાબરકાંઠા જિલ્લા પોલીસના "Say No to Drugs" અભિયાન અંતર્ગત હિંમતનગર બી-ડિવિઝન પોલીસે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે હિંમતનગર તાલુકાના માળીના છાપરિયા વિસ્તારમાં દરોડો પાડી એક વ્યક્તિ પાસેથી પ્રતિબંધિત માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.)નો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસને મળેલી ખાનગી બાતમી મુજબ મહાકાળી માતાજીના મંદિર પાસે રહેતા ગોપાલભાઈ અર્જુનભાઈ ગવારિયાના ઘરે રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીની અંગઝડતી લેતાં તેના પહેરેલા કપડામાંથી ૪.૮૪ ગ્રામ મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ મળી આવ્યું હતું. ઉપરાંત એક મોબાઈલ ફોન અને આધાર કાર્ડ સહિત કુલ રૂ. ૧૯,૫૨૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે આરોપી વિરૂદ્ધ એનડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ કામગીરી નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ (IPS), જિલ્લા પોલીસવડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ (IPS) તથા વિભાગીય પોલીસ અધિકારી એ.કે.પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન.વસાવા અને સર્વેલન્સ સ્કોડની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# સાબરકાંઠામાં ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ માટે કલેક્ટરનું જાહેરનામું

## લાઉડસ્પીકર, ડી.જે. અને સાઉન્ડ સિસ્ટમ માટે પૂર્વ લેખિત મંજૂરી ફરજિયાત, સાઉન્ડ લિમિટર વગર પરવાનગી નહીં

હિંમતનગરઃ સાબરકાંઠા જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી અને સુલેહ-શાંતિ જળવાઈ રહે તેમજ ધ્વનિ પ્રદૂષણથી નાગરિકોના સ્વાસ્થ્ય, દર્દીઓ અને વિદ્યાર્થીઓના અભ્યાસ પર પ્રતિકૂળ અસર ન થાય તે હેતુસર જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી લલિત નારાયણ સિંહ સાંદુ (IAS) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૩(૧) અને ૩૭(૧)(એફ) હેઠળ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં તા. ૦૮ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી અમલમાં રહે તેવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ કોઈપણ જાહેર સ્થળે લાઉડસ્પીકર, ડી.જે., માઇક અથવા સાઉન્ડ સિસ્ટમનો સિસ્ટમનો ઉપયોગ કરવા માટે સક્ષમ સત્તાધિકારીની પૂર્વ લેખિત મંજૂરી ફરજિયાત રહેશે. કાર્યક્રમના આયોજકોએ કાર્યક્રમ યોજાનાર તારીખના ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

મંજૂરી મળ્યા બાદ પણ સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ માત્ર સવારે ૬:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જ કરી શકાશે. જ્યારે રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારે ૬:૦૦ વાગ્યા સુધી લાઉડસ્પીકર કે ડી.જે. વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જોકે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા નિયત તહેવારો દરમિયાન રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી છૂટછાટ આપવામાં આવશે.

જાહેરનામામાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવી સાઉન્ડ સિસ્ટમ, ડી.જે. અથવા લાઉડસ્પીકર માટે કોઈપણ પ્રકારની પરવાનગી આપવામાં આવશે નહીં.

કલેક્ટરશ્રીએ હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારને 'શાંત વિસ્તાર' જાહેર કર્યો છે. આ વિસ્તારમાં લાઉડસ્પીકર, માઇક કે અન્ય ધ્વનિ વિસ્તરણ સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ માટે વિવિધ વિસ્તારોમાં ડેસિબલ મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે. તેના મુજબ ઔદ્યોગિક વિસ્તારમાં દિવસ દરમિયાન ૭૫ ડેસિબલ અને રાત્રે ૭૦ ડેસિબલ, વાણિજ્યિક વિસ્તારમાં દિવસ દરમિયાન ૬૫ ડેસિબલ અને રાત્રે ૫૫ ડેસિબલ, રહેણાંક વિસ્તારમાં દિવસ દરમિયાન ૫૫ ડેસિબલ અને રાત્રે ૪૫ ડેસિબલ, જ્યારે શાંત વિસ્તારમાં દિવસ દરમિયાન ૫૦ ડેસિબલ અને રાત્રે ૪૦ ડેસિબલથી વધુ અવાજ કરી શકાશે નહીં.

જાહેરનામામાં માઇક સિસ્ટમ દ્વારા કોઈપણ પ્રકારના ઉશ્કેરણીજનક, કોમી લાગણી દુભાય અથવા સામાજિક શાંતિ ભંગ કરે તેવા ભાષણો કે ગીતો વગાડવા પર પણ સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી મિયાન ૫૦ ડેસિબલ અને રાત્રે ૪૦ ડેસિબલથી વધુ અવાજ કરી શકાશે નહીં.

જાહેરનામામાં માઇક સિસ્ટમ દ્વારા કોઈપણ પ્રકારના ઉશ્કેરણીજનક, કોમી લાગણી દુભાય અથવા સામાજિક શાંતિ ભંગ કરે તેવા ભાષણો કે ગીતો વગાડવા પર પણ સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી કલેક્ટરશ્રીએ જણાવ્યું છે કે જાહેરનામાની કોઈપણ શરતનો ભંગ કરનાર વ્યક્તિ સામે લાગુ કાયદા મુજબ દંડનીય અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદની સંભાવનાને પગલે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

## કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની નાગરિકોને સાવચેતી અને સહયોગ આપવા અપીલ

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ તથા સંભવિત પૂર કે આપત્તિજનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ અને સુસજ્જ છે. સાબરકાંઠા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ દ્વારા સમગ્ર જિલ્લાના નાગરિકોની સલામતી અને સુરક્ષાને પ્રાથમિકતા આપતાં એક મહત્વપૂર્ણ અપીલ કરવામાં આવી છે.જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું છે કે તંત્ર દ્વારા તમામ તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ, મહેસૂલ વિભાગ, પોલીસ તંત્ર, NDRF અને SDRF સાથે નિરંતર સંકલન સાધીને સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાં વસતા લોકોને જરૂર પડ્યે સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા તથા આશ્રય સ્થાનોની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે તમામ સબંધિત વિભાગોને સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે.જિલ્લા કલેક્ટરશ્રીએ સાબરકાંઠાના તમામ નાગરિકોને નમ્ર વિનંતી કરતા જણાવ્યું છે કે ભારે વરસાદ કે પૂરની સ્થિતિ દરમિયાન જળબંબાકાર થયેલા વિસ્તારો, નદી-નાળા કે કોઝવે નજીક જવાનું સંપૂર્ણપણે ટાળવું અને વહીવટી તંત્ર દ્વારા સમયાંતરે જારી કરવામાં આવતી અધિકૃત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. ખાસ કરીને વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના અને ખેરોજ જેવા જંગલ તેમજ પહાડી વિસ્તારોમાં અને નદી કિનારે પ્રવાસ કે બિનજરૂરી અવરજવર ન કરવા પણ અનુરોધ કરાયો છે. કોઈ પણ આપાતકાલીન પરિસ્થિતિ કે મદદ માટે જિલ્લા કંટ્રોલ રૂમ તેમજ હેલ્પલાઇન નંબર પર તુરંત સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. કલેક્ટરશ્રીએ જિલ્લાવાસીઓને અફવાઓથી દૂર રહેવા અને વહીવટી તંત્રને પૂર્ણ સહયોગ આપી પોતાની તથા પોતાના પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

# પ્રાંતિજ પોલીસે આંતરરાજ્ય વાહનચોરીનો ભેદ ઉકેલ્યો

## ગુજરાત-રાજસ્થાનમાંથી ચોરાયેલી ૧૦ બાઇક સાથે એક આરોપી ઝડપાયો

સાબરકાંઠાના પ્રાંતિજ પોલીસે વાહનચોરીના ગુનાઓમાં નોંધપાત્ર સફળતા મેળવી ગુજરાત અને રાજસ્થાન માંથી ચોરાયેલી કુલ ૧૦ મોટરસાયકલો કબજે કરી છે. પોલીસે રૂ. ૨.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કરીને રાજસ્થાનના એક ૨૧ વર્ષીય આરોપીની ધરપકડ કરી છે.

પોલીસને મળેલી બાતમીના આધારે કમાલપુર ગામ નજીક વાહન ચેકિંગ દરમિયાન દરમિયાન નંબર પ્લેટ વગરની એક હીરો સ્પ્લેન્ડર બાઇક સાથે શંકાસ્પદ યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન બાઇક રાજસ્થાનમાંથી ચોરાયેલી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ આરોપીની પૂછપરછમાં અન્ય ચોરાયેલ મોટરસાયકલો અંગે માહિતી મળતાં કુલ ૧૦ બાઇકો કબજે કરવામાં આવી હતી.

જપ્ત કરાયેલી મોટરસાયકલોમાં હીરો સ્પ્લેન્ડર, સ્પ્લેન્ડર પ્લસ, ટીવીએસ અપાચી અને યામાહા ફેઝર સહિતના વિવિધ મોડલોનો સમાવેશ થાય છે. આ વાહનો રાજસ્થાનના વિવિધ જિલ્લાઓ ઉપરાંત મહેસાણા જિલ્લાના સાતલાસણા વિસ્તારથી પણ ચોરાયા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

વિડિયોમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે કબજે કરાયેલી તમામ મોટરસાયકલો એકસાથે ગોઠવી પ્રદર્શિત કરવામાં આવી હોવાનું જોવા મળે છે. પોલીસે સમગ્ર મુદ્દામાલ મીડિયા સમક્ષ રજૂ કર્યો હતો. આ સફળ કામગીરી પ્રાંતિજ પોલીસની ટીમે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરી હતી.

# સાબરકાંઠા જિલ્લાના પ્રોહિબિશનના ગુનામાં પાંચ મહિનાથી નાસતા ફરતા આરોપીને એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા

પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી નાસતા ફરતા આરોપીને હિંમતનગર એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસવડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ (IPS)ના માર્ગદર્શન હેઠળ તેમજ હિંમતનગર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એ.કે. પટેલના માર્ગદર્શન મુજબ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન એ-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર કે.વાય. વ્યાસના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.

બાતમી મુજબ પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં વોન્ટેડ આરોપી કમલેશભાઈ બરીભાઈ મીણા (ઉ.વ. ૩૫), રહે. સાગવાડા, પટેલા ફળા, તા. ખેરવાડા, જી. ઉદયપુર (રાજસ્થાન) હિંમતનગરના સહકારી જીન ચાર રસ્તા નજીક હાજર હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમે સ્થળ પર પહોંચી તેને ઝડપી પાડી પોલીસ સ્ટેશન લાવી અટકાયત કરી હતી.

આ આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ) અને ૮૧ મુજબ ગુનો નોંધાયેલો હતો અને તે છેલ્લા પાંચ મહિનાથી ફરાર હતો. તેની ધરપકડ બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં પો.સબ.ઈન્સ. કે.એલ. જાડેજા, એએસઆઈ મો. સલીમ ઈકબાલહુસેન તથા સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ કર્મચારીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# સાબરકાંઠા LCB ની મોટી સફળતા : હનીટ્રેપ, લૂંટ અને સાપરાધ મનુષ્યવધના ગુનાનો ભેદ ઉકેલાયો, મુખ્ય સૂત્રધાર સહિત ૧૦ આરોપીઓ ઝડપાયા



સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ LCB એ સાપરાધ મનુષ્યવધ, લૂંટ અને હનીટ્રેપ જેવી ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી ટોળકીનો પર્દાફાશ કરી મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી અંદાજે રૂા.૧૫.૮૫ લાખનો મુદ્દામાલ, જેમાં બે કાર અને ૧૪ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે, જે કબજે કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, ૨૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ દેરોલ ગામની સીમમાં વીજાપુરથી હિંમતનગર તરફ જતાં હાઈવે પર એકટીવા પર જઈ રહેલા જગદીશભાઈ જીણાભાઈ પ્રજાપતિ પર ચાર શખ્સોએ હુમલો કરી તેમનો મોબાઈલ લૂંટી લીધો હતો. ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું મૃત્યું થયું હતું. આ બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

**CCTV અને ટેકનિકલ સર્વેલન્સથી ભેદ ઉકેલાયો**

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી LCB ની અલગ-અલગ ટીમો CCTV ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મૃતક સાથે એક મહિલા ગેસ્ટહાઉસ અને હોટલમાં જોવા મળી હતી. ગેસ્ટહાઉસમાંથી મળેલા આધારકાર્ડની તપાસમાં તે ખોટું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ મળેલી બાતમીના આધારે પાણપુર નજીક નાકાબંધી કરી બે કારમાં ફરતાં શંકાસ્પકોને ઝડપી લેવામાં આવ્યા હતા.

ફેસબુક પર નકલી એકાઉન્ટ બનાવી ગોઠવાતો હતો હનીટ્રેપ પોલીસ પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. ટોળકીનો મુખ્ય સૂત્રધાર પીયુષ પટેલ નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી પુરુષોને મિત્રતા માટે ફસાવતો હતો. ત્યારબાદ મહિલાઓ દ્વારા વોટ્સએપ પર વાતચીત કરી મુલાકાત નક્કી કરી કરવામાં આવતી હતી. એકાંત સ્થળે લઈ જઈ અન્ય સાગરિતો પહોંચી મહિલાને પત્ની કે સગી હોવાનું કહી પોલીસ કેસની ધમકી આપી મારપીટ કરી મોટી રકમ પડાવવાનો પ્રયાસદ કરતા હતા. આ જ મોડસ ઓપરેન્ડીથી મૃતક જગદીશભાઈ ને પણ ફસાવવામાં આવ્યા હોવાનું આરોપીઓએ કબૂલ્યું છે.

**કુલ ૧૦ આરોપીઓ ઝડપાયા :** આ કેસમાં પોલીસે મુખ્ય સૂત્રધાર પીયુષકુમાર પટેલ સહિતલ કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ મહેસાણા, અમદાવાદ, બનાસકાંઠા અને વિસનગર વિસ્તારના હોવાનું સામે આવ્યું છે. રૂા.૧૫.૮૫ લાખનો મુદ્દામાલ કબજે આરોપીઓ પાસેથી પોલીસે બે ચાર ચક્રી વાહનો અને ૧૪ મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૧૫,૮૫,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. કેટલાક આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ પડકાયેલા કેટલાક આરોપીઓ સામે અગાઉ NDPS લૂંટ, ચોરી, હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કામગીરી આ સમગ્ર કામગીરી ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક અને સાબરકાંઠા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ LCB પોલીસ ઈન્સ્પેકટર ડી.સી.સાકરીયા તથા તેમની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## પાણપુર પાટીયા વિસ્તારમાં દિકરીને ભગાડી જવા બાબતે ઝઘડો કરી હુમલો કરતાં છ વિરૂધ્ધ ફરીયાદ

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનની હદમાં આવેલ પાણપુર પાટીયા વિસ્તારમાં બે દિવસ અગાઉ એક દિકરીને ભગાડી જવા બાબતે છ જણાએ એકસંપ થઈ આવી હુમલો કરી પાંચ જણાને ઈજા પહોંચાડી હોવાના આક્ષેપ સાથેની ફરીયાદ રવિવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પાણપુર પાટીયા વિસ્તારમાં સંજરનગરમાં રહેતા રફીકમોહમદ ઈકરામુદ્દીન મર્જાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેઓ તથા તેમના પિતા ઈકરામુદ્દીન, કાકા ઈકબાલભાઈ મનસુરી, સાઢુ ઈકબાલભાઈ નુરભાઈ લુહાર કાર નં. જી.જે.૦૯ બીજે ૫૯૨૨ લઈને ગત તા.૨૫ જુલાઈના રોજ પાણપુર પાટીયા વિસ્તારમાં આવેલ તવાક્ફાય પાસેથી જઈ રહ્યા હતા ત્યારે સલીમભાઈ નબીભાઈ લુહાર, તોફીસ મહેબુબભાઈ લુહાર, સમીર મહેબુબભાઈ લુહાર અને સદામ સલીમભાઈ લુહારે ગાડી પાસે લાકડીઓ લઈ આવીને કહ્યું હતું કે તમો અમારી દિકરી માહીનુરને કેમ ભગાડી ગયા છો તેમ કહી ગાળો બોલી હતી.

ત્યારબાદ ચાર સહિત મોસીન મહેબુબભાઈ લુહાર, સાહિલ જાકીરભાઈ લુહાર અને જાકીરભાઈ લુહાર આવી એકસંપ થઈને રફીકભાઈ મર્જાની કારના કાચ તોડી નુકશાન પહોચાડયું હતું તથા તેમના ભાણાં મોઈનુદ્દીન લહારની કાર નાં. જીજે.૦૧એએફ૩૮૨૭ ના કાચ તોડી નાખી નુકશાન પહોંચાડી ગડદાપાટુંનો માર મારતાં ઈકરામુદ્દીન લુહાર, ઈકબાલ લુહાર, મોઈનુદીન લુહાર, ઈકબાલ નુરભાઈ લુહાર અને અફઝલભાઈ લુહાર સહિત અન્યને ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હોવાના આક્ષેપ સાથે રફીક મુર્જાએ છ જણા વિરૂધ્ધ રવિવારે ગ્રામ્ય પોલીસા સ્ટેશનનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ઈડર–ખેડબ્રહ્મા–અંબાજી રોડ પર વરસાદથી પડેલા ખાડાઓનું સીમેન્ટિંગ મટીરીયલ દ્વારા ત્વરિત પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઇ



ચોમાસાની ઋતુ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે ઈડર–ખેડબ્રહ્મા–અંબાજી માર્ગ પર અનેક સ્થળોએ ખાડાઓ પડતાં વાહનચાલકો અને અંબાજી જતા શ્રદ્ધાળુઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સ્થિતિને ગંભીરતાથી ધ્યાનમાં લઈને માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગર દ્વારા તાત્કાલિક ધોરણે માર્ગના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે હવે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

માર્ગની મરામત માટે વિશેષ સીમેન્ટિંગ મટીરીયલનો ઉપયોગ કરીને પેચવર્ક કરવામાં આવ્યું છે. આ પ્રકારનું સમારકામ વધુ ટકાઉ અને મજબૂત હોવાથી વરસાદી ઋતુમાં પણ માર્ગની ગુણવત્તા જળવાઈ રહેવાની અપેક્ષા છે. પરિણામે ઈડર, ખેડબ્રહ્મા અને પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીને જોડતો આ મહત્વપૂર્ણ માર્ગ હવે વધુ સુરક્ષિત અને વાહનવ્યવહાર માટે અનુકૂળ બન્યો છે.

આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં ખાનગી વાહનો, જાહેર પરિવહન તેમજ અંબાજી દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ અવરજવર કરે છે. વરસાદી માહોલ વચ્ચે મુસાફરોને અગવડ ન પડે અને અકસ્માતની સંભાવના ઘટે તે માટે માર્ગ અને મકાન વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. વિભાગના અધિકારીઓ અને તકનીકી ટીમે સતત દેખરેખ રાખીને પેચવર્કનું કામ સમયસર પૂર્ણ કર્યું છે.

વહીવટી તંત્રે જણાવ્યું છે કે પ્રજાજનોની સુરક્ષા, માર્ગોની નિયમિત જાળવણી અને અકસ્માતમુક્ત વાહનવ્યવહાર તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ચોમાસા દરમિયાન જિલ્લામાં આવેલા મુખ્ય માર્ગો પર સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને જ્યાં જરૂર જણાશે ત્યાં તાત્કાલિક સમારકામની કામગીરી હાથ ધરવામાં આવશે, જેથી મુસાફરોને સલામત અને સુગમ મુસાફરી મળી રહે.

# હિંમતનગરમાં નવી સિવિલ સામે સ્પાની આડમાં ચાલતું દેહવ્યાપારનું રેકેટ ઝડપાયું

સાબરકાંઠા AHTU ની કાર્યવાહી હિંમતનગર શહેરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી નવી સિવિલ હોસ્પિટલની સામેના કોમ્પ્લેક્ષમાં ચાલતા કૂટણખાનાનો સાબરકાંઠા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) ની ટીમે પર્દાફાશ કર્યો છે. સ્પા સેન્ટરની આડમાં ચાલતા આ દેહવ્યાપારના ગોરખધંધા પર દરોડો પાડી પોલીસે સંચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડમી ગ્રાહક મોકલી કરી ખરાઈ

સાબરકાંઠા ડીઆઈજી વિરેન્દ્રસિંહ યાદવ તથા જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચના મુજબ AHTU ઈન્ચાર્જ પી.આઈ. કે.યુ. ચૌધરી અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમીયાન હેડ કોન્સ્ટેબલ અશોકકુમાર અને અક્ષય પોલીસ કોન્સ્ટેબલ હસમુખભાઈને બાતમી મળી હતી કે નવી સિવિલ સામે આવેલા અશ્વમેઘ કોમ્પ્લેક્ષના બીજા માળે 'પાલવ સ્પા' નામથી સ્પા સેન્ટરની આડમાં દેહવ્યાપાર ચલાવવામાં આવી રહ્યો છે.

બાતમીના આધારે વિભાગીય પોલીસ અધિક્ષક એ.કે. પટેલની હાજરીમાં પહેલાં ડમી ગ્રાહક મોકલીને ખાતરી કરવામાં આવી હતી. બાતમી સાચી જણાતા પંચોની હાજરીમાં સ્પામાં દરોડો પાડવામાં આવ્યો હતો.

**મુખ્ય આરોપીની અટકાયત**

પોલીસ દરોડા દરમિયાન સ્પાની આડમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ પકડાઈ જતાં સંચાલક ધનવંતકુમાર હરીપ્રસાદ મિસ્ત્રી (હાલ રહે. ડૉક્ટર નગર, હિંમતનગર બસ સ્ટેન્ડ પાસે; મૂળ રહે. ભૂતીયા, તા. ઈડર, જી. સાબરકાંઠા) ની અટકાયત કરવામાં આવી છે.

પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની વધુ તપાસ માટે તેને હિંમતનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે. આ સફળ કામગીરીમાં HC અશોકકુમાર, PC હસમુખભાઈ તથા WPC અંજલીકુમારી જોડાયા હતા.

# બસ ડ્રાઈવર પર જીવલેણ હુમલો, કારમાં આવેલા ચાર શખ્સો સામે પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ટી. બસના ડ્રાઈવર પર જીવલેણ હુમલો અને સરકારી ફરજમાં અવરોધ ઊભો કરવાના ગંભીર આરોપો સાથે ગુનો નોંધાયો છે. ફરિયાદ મુજબ, બસને ઓવરટેક કરી રોકી કારમાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ ડ્રાઈવર સાથે મારામારી કરી તેમજ બસના કંડક્ટર સાથે પણ ધક્કામુક્કી કરી હતી. આ બનાવને પગલે પ્રાંતિજ પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદી વસીમમિયાં યુસુફમિયાં શેખ, જે ગુજરાત એસ.ટી. નિગમમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ઓલપાડ થી હિમતનગર જતી બસ ચલાવી રહ્યા હતા. આ દરમિયાન XUV 3XO કારમાં આવેલા ચાર શખ્સોએ બસને ઓવરટેક કરી રસ્તા વચ્ચે રોકી હતી. બાદમાં ગાળો બોલી ડ્રાઈવર પર લાકડાના ફટકા તેમજ હાથ-મુક્કાથી હુમલો કર્યો હતો. હુમલામાં ડ્રાઈવરને ઇજા પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની મારામારી, ધમકી, સરકારી કર્મચારીની ફરજમાં અવરોધ અને અન્ય સંબંધિત કલમો તેમજ મોટર વાહન અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે હુમલાખોરોની ઓળખ અને તેમની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# સાબરકાંઠા SOGને મોટી સફળતા: આંતરરાજ્ય ઘરફોડ ચોરી કરતી બજાણીયા ગેંગના ૫ આરોપી ઝડપાયા ૭ ગુના ડિટેક્ટ અને ૧૪ વધુ ગુનાઓની કબૂલાત

સાબરકાંઠા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ ઘરફોડ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલી આંતરરાજ્ય બજાણીયા ગેંગનો પર્દાફાશ કરતાં પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી રોકડ સહિત કુલ રૂ. ૬૦ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા ૭ ઘરફોડ ચોરીના ગુનાઓ ડિટેક્ટ થયા છે, જ્યારે આરોપીઓએ અન્ય ૧૪ ગુનાઓની કબૂલાત પણ આપી છે. ઉપરાંત રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં નાસતા ફરતા પાંચ ગુનાઓના આરોપીઓને પણ પકડી પાડવામાં આવ્યા છે.

પોલીસ મહાનિરીક્ષકના માર્ગદર્શન અને સાબરકાંઠા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક સ્મિત ગોહિલના માર્ગદર્શન હેઠળ SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે હિંમતનગર વિદ્યાનગરી રોડ વિસ્તારમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા પાંચ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ઘરફોડ ચોરીના અનેક ગુનાઓ કબૂલ્યા હતા.

પકડાયેલા આરોપીઓમાં જીતેશ બાબુભાઈ બજાણીયા (વડાલી), અનિલ ઉર્ફે અર્જુન લક્ષ્મણભાઈ બજાણીયા (હરસોલ), કુલદીપ મનુભાઈ બજાણીયા (રામનગર, વડાલી), આકાશ ઉર્ફે સુજલ અજયભાઈ નાયક (મહેમદાવાદ) તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ કિશોરનો સમાવેશ થાય છે.પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૬૦ હજાર રોકડ તેમજ ઘરફોડમાં ઉપયોગમાં લેવાતી લોખંડની ટોમી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.તપાસમાં ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, સતલાસણા, વિવેકાનંદ (અમદાવાદ રૂરલ), મોડાસા ટાઉન અને વડોદરા શહેર સહિતના કુલ ૭ નોંધાયેલા ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા છે. આરોપીઓએ વડનગર, મહેમદાવાદ, કનીજ, ખેડબ્રહ્મા, ગાંભોઈ, વિસનગર, વડાલી, લિલોડા, ખેરાલુ સહિતના વિસ્તારોમાં દુકાનો અને મકાનોમાં ચોરી સહિતના વધુ ૧૪ ગુનાઓની કબૂલાત આપી હોવાનું પોલીસે જણાવ્યું છે.

આ સમગ્ર કામગીરી SOG પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. વાળા, PSI કે.યુ. ચૌધરી, PSI પી.એમ. ઝાલા સહિત SOGની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## ત્રણ મહિના પહેલાં બનેલા પ્રાંતિજ ત્રણ રસ્તા ઓવરબ્રિજ પર ઠેરઠેર ગાબડા, એક આખો સ્લેબ પણ બેસી ગયા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે અંદાજે ત્રણ મહિના પહેલાં જ નિર્માણ પામેલા ઓવરબ્રિજની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઓવરબ્રિજ પર અનેક સ્થળોએ ગાબડા પડ્યા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, બ્રિજનો એક આખો સ્લેબ પણ બેસી ગયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

આ સ્થિતિને કારણે ઓવરબ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. નવા બનેલા બ્રિજમાં આટલા ઓછા સમયમાં જ આવી ખામીઓ સામે આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નેશનલ હાઈવે ઓથોરિટી, સંબંધિત અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરની બેદરકારી અને સંભવિત ભ્રષ્ટાચારના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. સ્થાનિકોએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

લોકોએ તાત્કાલિક ધોરણે બ્રિજનું ટેકનિકલ નિરીક્ષણ કરીને જરૂરી સમારકામ હાથ ધરવાની માંગ પણ કરી છે, જેથી કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં જ યોગ્ય પગલાં લેવામાં આવશે.

## ઈડરના દરામલીના વેપારીને વ્યાજખોરોનો ત્રાસ, જાદર પોલીસમાં ગુનો નોંધાયો

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દરામલી ગામના એક વેપારીને બે વ્યાજખોરો દ્વારા ઊંચા વ્યાજે નાણાં આપ્યા બાદ સતત ઉઘરાણી અને માનસિક ત્રાસ આપવામાં આવતા આખરે જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, એક વ્યાજખોરે વેપારીને ₹ ૧૫ લાખ વ્યાજે આપ્યા હતા. ત્યારબાદ વ્યાજ સહિત કુલ ₹ ૩૦ લાખ વસૂલ કરી લીધા હોવા છતાં વધુ નાણાંની માંગણી ચાલુ રાખી હતી. જ્યારે બીજા વ્યાજખોરે ₹ ૧૫.૮૬ લાખ આપ્યા બાદ ₹ ૨૫.૮૬ લાખ વસૂલ કરી લીધા છતાં વેપારીને સતત ઉઘરાણી કરી હેરાન-પરેશાન કર્યો હતો.

આરોપ છે કે બંને વ્યાજખોરોએ ઊંચા વ્યાજની વસૂલાત કર્યા બાદ પણ વેપારીને સતત ધમકીઓ આપી ત્રાસ ગુજાર્યો હતો. એટલું જ નહીં, વેપારીનું મોપેડ પણ પડાવી લીધું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

સતત ત્રાસથી કંટાળેલા વેપારીએ આખરે જાદર પોલીસ મથકમાં વ્યાજખોરી અને ત્રાસ અંગે ગુનો નોંધાવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી વ્યાજખોરોની ધરપકડ માટે તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.